શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ તથા
અન્નક્ષેત્ર ટ્રસ્ટ, હરિદ્વાર

સપ્ત સરોવર, હરિદ્વાર, યુ. પી. ૨૪૯૪૧૦.

ટ્રસ્ટનું બંધારણ

— પ્રકાશક —

રતિલાલ મણિભાઇ રામાણી
માનદ મંત્રી

— મુંબઇ ઓફિસ —

શેઠ પ્રેમજી હરિદાસ કું.,
૧૬૮, સંત તુકારામ રોડ,
ભાનુશાલી ચેમ્બર્સ,
દાણાબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.

મેસર્સ કોરજી દામજી કોઠારી
૯-૧૧. સૈયદ મુકરી સ્ટ્રીટ,
કાથા બજાર, મુંબઈ-૪૦૦.૦૦૯.

Real Patidar Library

About Real Patidar books

શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ તથા અન્નક્ષેત્ર ટ્રસ્ટ, હરિદ્વાર

સપ્ત સરોવર, હરિદ્વાર, યુ. પી. ૨૪૯૪૧૦.

ટ્રસ્ટનું બંધારણ

— પ્રકાશક —

રતિલાલ મણિભાઇ રામાણી
માનદ મંત્રી

— મુંબઇ ઓફિસ —

શેઠ પ્રેમજી હરિદાસ કાં.,
૧૬૮, સંત તુકારામ રોડ,
ભાનુશાલી ચેમ્બર્સ,
દાણાબંદર, મુંબઇ-૪૦૦ ૦૦૯.

મેસર્સ કોરજી દામજી કોઠારી
૯-૧૧. સૈયદ મુકરી સ્ટ્રીટ,
કાથા બજાર, મુંબઈ - ૪૦૦.૦૦૯.

શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ તથા અન્નક્ષેત્ર ટ્રસ્ટ, હરિદ્વાર

-: ટ્રસ્ટનું બંધારણ :-

(મૂળ અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં અનુવાદ)

આ લિખિત કરારનામું નીચે જણાવેલા બે પક્ષોની આપસની સમજૂતી મુજબ ઈશવી સન ૧૯૫૭ ના નવેમ્બર મહિનાની અગિયારમી તારીખે મુંબઇ મુકામે ઘડવામાં આવ્યુ છે. એક તરફના પક્ષકારો છે.

૧. શિવગણભાઈ રાજા	૨. હીરજી કરસન	૩. દેવશી રામજી
૪. મુળજી જીવરાજ	૫. ડાહ્યાભાઈ હરીભાઇ	૬. વાલજી કાનજી

બધાજ ભારતીય નાગરિકો છે તેમજ કચ્છના તાલુકા ભૂજના વાંઢાય ગામના તેમજ ઉત્તર પ્રદેશના જીલ્લા શારાનપુર, તા. હરિદ્વારના સ્વર્ગસ્થ પૂજ્ય મહારાજશ્રી ઉદ્ધવદાસજી ઉર્ફે ઓધવદાસજી ઉર્ફે ઉદ્ધવરામજી ઉર્ફે ઓધવરામજીની આખરી ઇચ્છા અને વસિયત મુજબ એમની મિલ્કતના ટ્રસ્ટીઓ છે જયારે બીજી તરફના પક્ષકારો છે.

૧. શિવગણ રાજા, કલોલા નિવાસ, આગ્રા રોડ, મુંબઈ-૪૦૦ ૦૩૯.
૨. હરીદાસ વેલજી, C/o. પ્રેમજી હરીદાસ કું., મુંબઈ-૪૦૦ ૦૦૨.
૩. હીરજીભાઈ કરસન, વિષ્ણુપુરા કમ્પા, થાવર ખેડા.
૪. ડાહ્યાભાઇ મનજી,
૫. છોટાલાલ ડી. જોષી, તામ્બે બિલ્ડિંગ, વિન્સેન્ટ રોડ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

જે બધાજ ભારતવાસીઓ છે.

વસ્તુસ્થિતિ એ છે કે સ્વર્ગસ્થ પૂજ્ય મહારાજશ્રી ઉદ્ધવદાસજી ઉર્ફે ઓધવદાસજી ગુરૂ લાલરામજી જે નિતાંત નિસ્વાર્થભાવે જીવ્યા અને પોતાનું સમગ્ર જીવન માનવ જાતિની સેવામાં સમર્પિત કરી દીધેલુ. એથી તેઓશ્રી બહોળા ભકતસમુદાયના પૂજનીય બની રહેલા હવે વતુસ્થિતિ એ છે કે પૂજ્યશ્રી પોતાના જીવનકાળ દરમિયાન ભકત સમુદાય તરફથી સ્વેચ્છિક રીતે પ્રાપ્ત ફાળામાંથી અને એકઠા થયેલા ભંડોળમાંથી ઉત્તર પ્રદેશના શારાનપુર જીલ્લામાં આવેલા હરદ્વાર ખાતે એક આશ્રમની સ્થાપના કરેલી જે

" શ્રી કચ્છી લાલરામેશ્વરાશ્રમ તથા અન્નક્ષેત્ર " ના નામે ઓળખાય છે. વસ્તુસ્થિતિ એ છે કે કાનૂની દષ્ટિએ સ્વર્ગસ્થ મહારાજશ્રી જ એ સમગ્ર મિલકતના કાયદેસરના માલિક તરીકે માલિકી ધરાવતા હતા. પરંતુ પોતાની હયાતી દરમિયાન પણ એમણે નજર સમક્ષ રાખેલ ધ્યેય અને પ્રવૃત્તિઓને અનુરૂપ હોય એવા ઇં ૂક ભક્તોના હાથમાં કાયદેસરની સત્તા સોંપીને જ આશ્રમનું સંચાલન કર્યું હતું. હવે વસ્તુસ્થિતિ એ છે કે ઈ. સ. ૧૯૫૬ ના ઓકટોબર મહિનાની ૨૨ મી તારીખે મહારાજશ્રી એ આખરી ઈચ્છા અને વસિયત કર્યું, જે મુંબઇ રાજ્યનાં કચ્છ જીલ્લામાંના ભુજ ખાતેની સબ-રજીસ્ટ્રારની પાસે રજીસ્ટર થયેલું છે. આ વસિયત મુજબ ઉક્ત " શ્રી કચ્છી લાલરામેશ્વરાશ્રમ તથા અન્નક્ષેત્ર, હરિદ્વાર " દ્વારા અપાતી સેવાઓ અને પ્રવૃત્તિઓનું સંચાલન કરવા તેમજ તેમાં ઉત્તરોતર વધારો કરવા એની સોંપણી ટ્રસ્ટીઓને કરી. એની પાછળ એમની ભાવના હતી કે આશ્રમનું સંચાલન એમની હયાતી દરમિયાન ચાલી આવતાં રીતરસમ અને હેતુઓ મુજબ થાય જે એમણે પોતાની આખરી ઇચ્છા તરીકે વ્યક્ત કરેલી છે. જેમાં ભવિષ્યમાં આ રસમ ચાલુ રહેવી જોઇએ ભક્તસમુદાયનાં ઉત્સુક જનોનાં સહકાર અને તેમના તરફથી પ્રાપ્ત થતા ફાળા અને ભંડોળમાંથી થાય. હવે વસ્તુસ્થિતિ એ છે કે પહેલી તરફના પક્ષકારોએ સ્વર્ગસ્થ મહારાજશ્રી ઉદ્ધવદાસજીનાં કેટલાક અનુયાયીઓ સાથે સલાહમસલત કર્યા પછી એવા નિર્ણય પર પહોંચ્યા છે કે આશ્રમનો કારોબાર વ્યવસ્થિત અને કાયમી ધોરણે થતો રહે એટલે બધાની સંમતિ મુજબ આ સાથે એવું જાહેર કરાય છે અને લિખિત થાય છે કે ટ્રસ્ટીઓ કે ભવિષ્યમાં આવનારા ટ્રસ્ટીઓ દ્વારા નીચે જણાવેલાં ધ્યેયો અને રસમો મુજબ રહેશે.

૧. આ ટ્રસ્ટ " શ્રી કચ્છી લાલરામેશ્વરાશ્રમ તથા અન્નક્ષેત્ર ટ્રસ્ટ, હરદ્વાર, " એ નામે ઓળખાશે અને બીજી તરફનાં પક્ષકારો આ દસ્તાવેજની તારીખથી નવા ટ્રસ્ટીઓ તરીકે હોદ્દા ગ્રહણ કરશે.

૨. આ ટ્રસ્ટની રજીસ્ટર્ડ ઓફિસ મુંબઇ ખાતે જે છે તેજ ચાલુ રહેશે એટલે કે પ્રેમજી હરિદાસની કું., ૧૬૮, આર્ગાઇલ રોડ, ભાનુશાલી ચેમ્બર્સ, દાણાબંદર, મુંબઇ-૪૦૦ ૦૦૨. અને આશ્રમની શકયતા સિદ્ધ થઇ એ સઘળા ફંડફાળા મહારાજશ્રી ઓધવદાસજીના ભકતસમુદાય તરફથી પ્રાપ્ત થયેલા છે. આ બધા ભકતો મુંબઈ રાજયના વિવિધ પ્રદેશોમાં રહેતા હતા જે પ્રદેશોમાં મુંબઇ રાજયના બહારના પ્રદેશો પણ સામેલ થઇ જાય છે, જેમાં કચ્છ-ગુજરાત અને

મુંબઇ પણ આવી જાય, પછી ભલેને તેઓ હંગામી ધોરણે મુંબઇ રાજયની બહાર રહેતા હોય.

૩. આ ટ્રસ્ટની સઘળી સ્થાવર અને જંગમ મિલ્કતો જેનું વિગતમાં વર્ણન પરિશિષ્ઠ " A " માં આપવામાં આવ્યું છે તે તેમજ હવે પછી પણ, ટ્રસ્ટને જે કંઇ મિલકત પ્રાપ્ત થાય તે સઘળી જ મિલકતો ટ્રસ્ટની એકલાનીજ માલિકીની ગણાશે અને ટ્રસ્ટીઓના તાબામાં રહેશે અને તેના પર બીજા કોઇનો પણ કોઈજ હક્ક દાવો હશે નહિ.

૪. મહારાજશ્રી ઓધવદાસજીની પ્રેરણાથી હરદ્વાર ખાતે આશ્રમની સ્થાપના થઈ એનો મુખ્ય હેતુ હરદ્વાર ખાતે પવિત્ર મંદિરોની યાત્રા તેમજ ચિત્તની શાન્તિ પ્રાપ્ત કરવા આવનાર ખાસ તો કચ્છી પ્રજા તેમજ સામાન્ય રીતે બીજા કોઇપણને એક કેન્દ્ર તેમજ આશ્રમ પૂરો પાડવાનો રહેલો છે અને ટ્રસ્ટનો પણ આજ મુખ્ય હેતુ રાખવામાં આવશે. એની સાથે સાથે મુખ્ય હેતુને આનુષંગિક નીવડે એવા હેતુઓ પણ આવકાર્ય ગણાશે. જેમકે ધાર્મિક શિક્ષણ, પ્રાર્થના.

૫. પૂજય મહારાજશ્રીની એક ઉદાત્ત ભાવના રહેલી હતી કે આશ્રમમાં સુયોગ્ય વ્યકિતઓને અન્ન અને આશ્રય પૂરાં પાડવાં અને ટ્રસ્ટની પાસે જે કઈ ટાંચો સાધનો છે એનાંથી આ પ્રવૃતિ ચાલુ રાખવામાં આવી રહી છે. ઘણા લોકો ગુરૂમહારાજની ઈચ્છા અનુસાર ' અન્નક્ષેત્ર " ચલાવવા માટે નાણાંકીય ફાળો આપવાની ઇચ્છા વ્યકત કરતા હોય છે.

૬ તો આ ટ્રસ્ટ આ પ્રકારની નાણાંકીય સહાય પણ સ્વીકારશે. અને આ ફાળામાંથી શકય હશે ત્યાંસુધી જરૂરતમંદોને ભોજન પૂરૂ પાડયા કરશે.

૭. ટ્રસ્ટીઓની ઓછામાં ઓછી સંખ્યા ત્રણની હશે અને ટ્રસ્ટીઓ સાદી બહુમતીથી બીજુ કઇ ન વિચારે ત્યાંસુધી સાતથી વધારેની સંખ્યા નહિ હશે. અને ટ્રસ્ટનું સંચાલન પણ તત્પુરતું બહુમતીના નિર્ણયથી જ કરવામાં આવશે.

૮. ટ્રસ્ટીઓની ખાલી પડેલી જગ્યા પૂરવા પણ વર્તમાન ટ્રસ્ટીઓની બહુમતી નિર્ણયથી જ કરવામાં આવશે.

૯. આશ્રમની સ્થાપના મુખ્યત્વે એ હેતુથો થઈ છે કે ઇશ્વરની આરાધના કરવા માગતા લોકોને એ દિશામાં પ્રેરણા પૂરી પાડવી અને એનો વધુને વધુ પ્રસાર કરવો આ હેતુ બર આવે એ માટે એકાદ નિઃસ્વાર્થી સાધુ હોવા જરૂરી છે અને સ્વર્ગસ્થ મહારાજશ્રી ઓધવદાસજીએ એવી એક વરણી કરી પણ લીધેલી. વાલદાસજી મહારાજના હાથમાં આશ્રમની વ્યવસ્થાનો ભાર સોંપેલો. ભકતસમુદાયને પણ તેઓશ્રી અતીવ પ્રિય છે એટલે રોજબરોજની આશ્રમની વ્યવસ્થા વાલદાસજી મહારાજની નિગેહબાની નીચે ચાલુ રહેશે અને એમના નિધન પછી ટ્રસ્ટીઓ જે કોઈની પણ વરણી કરે એના હાથમાં આશ્રમવ્યવસ્થાનો ભાર રહેશે.

૧૦. ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો હિસાબ મહારાજશ્રી પોતે રાખશે અથવા બીજા કોઇ દ્વારા રખાવશે અને વખતોવખત એ હિસાબ ટ્રસ્ટીઓ સમક્ષ રજૂ કરશે. કોઈપણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા હિસાબની ચકાસણી અને પ્રમાણપત્ર મેળવી શકાશે.

૧૧. ટ્રસ્ટીઓ પાસે એવી પણ સત્તા રહેશે કે આશ્રમનાં સંચાલન અંગેના હાલમાં પ્રવર્તી રહેલા નીતિ નિયમોને અપનાવવા.

૧૨. ટ્રસ્ટના મુખ્ય ધ્યેયને હાનિ ન પહોંચે એવા ટ્રસ્ટના હેતુઓમાં સુધારા વધારા કે ફેરફાર કરવાની સત્તા ટ્રસ્ટીઓને હશે. આ સુધારા વધારા કે ફેરફારો મુખ્ય ધ્યેયને અનુષંગી હશે કે એને વધારે બળ પૂરું પાડનારા હશે.

૧૩. આ ટ્રસ્ટની જેવા સમાન હેતુ ધરાવનાર બીજા કોઈ ટ્રસ્ટનો હવાલો લઇને એને આ ટ્રસ્ટ સાથે ભેળવી દેવાની સત્તા પણ ટ્રસ્ટીઓને રહેશે.

૧૪ આ ટ્રસ્ટનાં સ્થાવર તેમજ જંગમ મિલ્કતોનું અંદાજીત મૂલ્ય રૂા. ૧,૦૦,૦૦૦/- છે. (રૂપિયા એક લાખ પૂરા)

આ લખાણના પ્રારંભમાં લખેલા દિવસે અને વરસે જેના પર અમો જણાવેલા પક્ષકારોએ સાક્ષીની રૂબરૂમાં પોતપોતાનાં સહી સિક્કા કર્યા છે.

— નીચેનાં નામેરીઓ —

શિવગણભાઇ રાજા, હીરજી કરસન, દેવશી રામજી, મુલજી જીવરાજ ડાહ્યાભાઇ હરિભાઇ અને વાલજી કાનજી એ ની હાજરીમાં સહી સીકકા કર્યા છે.

શિવગણભાઇ રાજા
સહી—

હીરજી કરસન
સહી—

દેવશી રામજી
સહી—

મુળજી જીવરાજ
સહી—

ડાહ્યાભાઇ હરિભાઇ
સહી—

વાલજી કાનજી
સહી—

— નીચેના નામેરીઓ —

શિવગણ રાજા, હરિદાસ વેલજી, હીરજીભાઇ કરસન, ડાહ્યાભાઇ મનજી, અને છોટાલાલ ડી. જોષી એ ની હાજરીમાં સહી સીકકા કર્યા છે.

શિવગણ રાજા
સહી—

હરિદાસ વેલજી
સહી—

હીરજીભાઇ કરસન
સહી—

ડાહ્યાભાઈ મનજી
સહી—

છોટાલાલ ડી. જોષી
સહી—



— આશ્રમના સંચાલન અંગે નિયમાવલી —

૧. મહારાજશ્રી આશ્રમના નિયામક કે વ્યવસ્થાપક ગણાશે.

૨. મહારાજશ્રી આશ્રમવાસીઓ વિશેની વિગતો અંગે એક રજીસ્ટર રાખશે.

૩. સામાન્ય રીતે તેઓશ્રી પર જ આશ્રમનો કાર્યભાર રહેશે.

— આશ્રમવાસીઓ તથા યાત્રિકો માટેના નિયમો —

૧. જેઓ કાયમી ધોરણે આશ્રમમાં રહેવાની ઇચ્છા ધરાવતા હોય એમણે વ્યવસ્થાપકને એક મહિના અગાઉ નોટિશ આપવાની રહેશે. તેમજ પરવાનગી પ્રાપ્ત કરવી રહેશે.

૨. " વિરકત વિભાગ " ના વાસીઓને પોતાના ઓરડાઓ પર કોઈ કાયમી અધિકાર નહિ રહેશે.

૩. કેવળ એવા સાધુઓ જ આ આશ્રમમાં આશ્રય પ્રાપ્ત કરી શકશે. જેમણે સંસારની માયાનો ત્યાગ કર્યો હોય તેમજ ધાર્મિક નિષ્ઠા ધરાવતા હોય.

૪. આશ્રમવાસીઓ પોતાના પગભેર હોવા જોઇશે અને પોતાનું કામ જાતે જ કરવાનું રહેશે

૫. આશ્રમવાસીઓએ ભોજન અંગે જાતે જ વ્યવસ્થા કરવાની રહેશે. કેવળ " ભજનાનંદી " સાધુઓ તેમજ જરુરતમંદ વ્યકિતઓને જ આશ્રય તરફથી ભોજન પૂરું પાડવામાં આવશે.

૬. પ્રત્યેક આશ્રમવાસીએ આશ્રમના નીતિનિયમો પાળવાના રહેશે અને વ્યવસ્થાપકની પરવાનગી વગર આશ્રમની બહાર આંટાફેરા નહિ કરી શકશે.

૭ કાયમી ધોરણે રહેતા આશ્રમવાસીઓ દુવણુ રહિત હશે તેમજ કોઇ વ્યસન

ધરાવતા નહિ હોય. તેમણે નિયમિત રીતે ભજન, સત્સંગ તેમજ કથા શ્રવણ કરવાનાં રહેશે.

સામાન્યરીતે વ્યવસ્થાપકે ટ્રસ્ટીઓની સલાહ મુજબ વર્તવાનું રહેશે

— યાત્રિકો માટેના નિયમો —

૧ કેવળ વ્યવસ્થાપકની પરવાનગી પ્રમાણેની જ સુવિધાઓ યાત્રિકોને પ્રાપ્ત થશે,

૨. યાત્રિકોએ પોતાની કિંમતી વસ્તુઓ તાળા-ચાવીમાં જ રાખવાની રહેશે. આશ્રમના અધિકારીઓની એનાં ચોરાઈ જવાની કે નુકસાની થવા અંગે કોઇ જવાબદારી રહેશે નહિ.

૩. આશ્રમની પ્રણાલી બહારનું યાત્રિકોનું વર્તન ચલાવી લેવામાં આવશે નહિ.

૪. યાત્રિકોએ આશ્રમમાં કયાંય પણ ઉપદ્રવ કરવાનો નહિ રહેશે.

વ્યવસ્થાપક સમિતિના હુકમથી
(સહી)